ગાંધીનગર મેટ્રો
દૈનિક અખબાર
દ્વારા પ્રસિદ્ધ થતી રવિવારની વિશેષ પૂર્તી

# લાયન્સ સમાચાર

સ્થાપક:મુકેશભાઈ પટેલ ૯૪૨૬૩૦૨૬૮૪, ચીફ એડીટર:ડો. બીનાબેન પટેલ, ડિસ્ટ્રિક્ટ ગવર્નર ૩૨૩૨ B૩: હીરેન મેવાડા તરીખ:૨૩-૧૧-૨૦૨૫,રવિવાર

## લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના


ગાંધીનગર મેટ્રો દૈનિક અખબાર, લાયન્સ સમાચાર

11 નવેમ્બરના રોજ કર્ણાવતી યુનિવર્સિટી ખાતે નેશનલ રેડ ક્રોસ સોસાયટી અને એન.એસ.એસ. (NSS) ના સહયોગથી મેગા બ્લડ ડોનેશન કેમ્પ સફળતાપૂર્વક યોજાયો હતો. સવારના 9 વાગ્યાથી સાંજના 4 વાગ્યા સુધી ચાલેલ આ કેમ્પમાં કુલ 344 યુનિટ બ્લડ એકત્રિત કરવામાં આવ્યું, જે માનવ સેવા માટેનું અનોખું યોગદાન છે.

આ પ્રસંગે ફેમિના ક્લબ દ્વારા દરેક રક્તદાતાને પ્રોત્સાહનરૂપે ભેટ આપવામાં આવી હતી.તેમજ ક્લબની પ્રમુખ અને સચિવએ પણ વિદ્યાર્થીઓ સાથે બ્લડ ડોનેટ કરી પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આ અભિયાન દ્વારા ફેમિના ક્લબે માનવતાનું સાચું મૂલ્ય ઉજાગર કર્યું છે — “રક્તદાન એ મહાદાન”ના સંદેશને ઉજવતા અનેક જીવ બચાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

## લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના

લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના દ્વારા ચિલ્ડ્રન્સ ડે નિમિત્તે કુડાસણ સ્થિત વિશેષ એબિલિટી એન્ડ થેરાપી સેન્ટર ખાતે ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું. વિશેષ બાળકો સાથે રમૂજી ગેમ્સ રમાડવામાં આવી જેમાં મ્યુઝિકલ ચેર અને હૂલા હૂપ્સ જેવી રસપ્રદ ગેમ્સનો સમાવેશ હતો. બાળકો સાથે રમવાનો અને તેઓ સાથે સમય વિતાવવાનો અનુભવ ખૂબ જ હૃદયસ્પર્શી રહ્યો. કાર્યક્રમનો મુખ્ય હેતુ – આ વિશેષ બાળકોને મનોરંજન, આનંદ અને પ્રેમભર્યો સમય આપવાનો રહ્યો. ક્લબની બહેનો દ્વારા બાળકોને નાસ્તો કરાવી તેમની ખુશીમાં ભાગીદાર બનવામાં આવ્યો.


ગાંધીનગર મેટ્રો દૈનિક અખબાર, લાયન્સ સમાચાર

## લાયન્સ અને લિયો ક્લબ ઓફ અમદાવાદ આર્ટિઝન

લાયન્સ અને લિયો ક્લબ ઓફ અમદાવાદ આર્ટિઝને 12 નવેમ્બર 2025ના રોજ અખિલ હિંદ મહિલા પરિષદ, અમદાવાદ ખાતે મફત ડાયાબીટીસ ચેક-અપ કેમ્પ અને ટિબી તથા ડાયાબીટીસ નિવારણ અંગે માહિતીપ્રદ સેમિનારનું સફળ આયોજન કર્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ ડાયાબીટીસ અને ટ્યુબરક્યુલોસિસ જેવી બે સામાન્ય પરંતુ ઘણી વખત અવગણાતી બીમારીઓ અંગે જાગૃતિ લાવવાનો તેમજ તેમનુ નિવારણ, વહેલી તકે નિદાન અને વ્યવસ્થાપન અંગે સમુદાયને માર્ગદર્શન આપવાનો હતો.


ગાંધીનગર મેટ્રો દૈનિક અખબાર, લાયન્સ સમાચાર

## લાયન્સ ક્લબ ઓફ મોડાસા


ગાંધીનગર મેટ્રો દૈનિક અખબાર, લાયન્સ સમાચાર


ગાંધીનગર મેટ્રો દૈનિક અખબાર, લાયન્સ સમાચાર

તારીખ 16-11-2025 ને રવિવાર ના રોજ, લાયન્સ ક્લબ ઓફ મોડાસા અને રામાણી બ્લડ બેન્ક ના સહયોગથી મોડાસાના સોમનાથ મંદિર ખાતે ફ્રી ડાયાબિટીસ ચેકઅપ કેમ્પ યોજાયો.જેમાં ખૂબ જ મોટી સંખ્યામાં રહીશોએ લાભ લીધો.આ કાર્યક્રમમાં મોડાસા લાયન્સ ક્લબના પ્રમુખ શ્રી નિરવભાઈ,ડીસી મેમ્બરશીપ રૂરલ પ્રવીણભાઈ, લા. શ્રી કમલેશભાઈ, લા. શ્રી વિનોદભાઈ, લા. શ્રી રામભાઈ, લા. શ્રી ભરતભાઈ, લા. શ્રી નવિનભાઈ એ હાજરી આપી હતી. આ ઉપરાંત સોમનાથ મંદિરના પ્રમુખ શ્રી રમણભાઈ તથા સોમનાથ સિનિયર સિટીઝન ના પ્રમુખ શ્રી યશવંતભાઈ તથા કર્દમભાઈ અને તેમની ટીમ ની વિશેષ હાજરી રહી હતી. આ કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યો હતો.

## લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ ફોર્ટ


ગાંધીનગર મેટ્રો દૈનિક અખબાર, લાયન્સ સમાચાર

આજ રોજ તારીખ 19 નવેમ્બર 2025 બુધવારના રોજ સવારે 11:00 વાગે લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ ફોર્ટ ના બેનર હેઠળ મ્યુનિસિપાલિટી આંગણવાડી, ઉસ્માનપુરા ગામ ખાતે નાના ભૂલકા બાળકોને ખીર પૂરી દાળ-ભાત શાક નું બપોરનું ભોજન કરાવવામાં આવ્યું.

પ્રોજેક્ટ ચેરપર્સન લાયન ડિમ્પલબેન શાહે ખુબ સુંદર પ્રાર્થના, ગીતો અને રમત રમાડીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. GUEST OF HONOUR તરીકે વી આર વન ગ્રુપના શોભાબેન પંચાલ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે આપણી જ લાયન્સ ક્લબ અમદાવાદ ફોર્ટના લાયન મેમ્બર શાંતાબેન અમીન પણ ઉપસ્થિત રહ્યા હતા અને બાળકોને ખુબ સુંદર ગીતો ગવડાવી અને બાળકોને નૃત્ય કરાવ્યું હતું

## લાયન્સ અને લિયો ક્લબ ઓફ અમદાવાદ આર્ટિઝન


ગાંધીનગર મેટ્રો દૈનિક અખબાર, લાયન્સ સમાચાર


ગાંધીનગર મેટ્રો દૈનિક અખબાર, લાયન્સ સમાચાર

લાયન્સ અને લિયો ક્લબ ઓફ અમદાવાદ આર્ટિઝન દ્વારા, ગુજરાત સ્પાસ્ટિક સોસાયટી અને હેલ્થ કેર ફાઉન્ડેશનના સહયોગથી ખાસ બાળકો માટે ખાસ ફેન્સી ડ્રેસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. આ ઉજવણી માત્ર વેશભૂષા નહીં પરંતુ તેમની હિંમત અને કલ્પનાશક્તિને સમર્પિત હતી. સાથે જ બાળ કેન્સર અંગે જાગૃતિ ફેલાવવામાં આવી — બાળકોમાં લ્યુકેમિયા, બ્રેઈન ટ્યુમર અને લિમ્ફોમા વધુ જોવા મળે છે. મોટા લોકોની તુલનાએ તેનું સ્વરૂપ અલગ હોય છે. વહેલી તકે નિદાન જીવ બચાવે છે અને માતા-પિતા, શિક્ષકો તથા કેરગિવર્સની ભૂમિકા અત્યંત અગત્યની છે.

## લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના


ગાંધીનગર મેટ્રો દૈનિક અખબાર, લાયન્સ સમાચાર

તા -13/11-2025 ના રોજ સાંજે 4 વાગે ગાંધીનગર ખાતે ડિસ્ટ્રિક્ટ શોપિંગ સેન્ટર મેઈન માર્કેટમાં અમદાવાદ સીટી ક્લબ તરફથી ડાયાબિટીસ અને બી.પી. ચેકઅપ નો કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો હતાં. આ કાર્યક્રમમાં આપણા ડિસ્ટ્રિક્ટના ડાયાબિટીસ વિભાગના ચેરમેન શ્રી રશ્મિકાન્ત ભાઈ હાજર રહ્યાં હતાં. અમદાવાદ સીટીના સેક્રેટરી મહેન્દ્રભાઈ વર્મા અને ગીરીશભાઈ માનાણી હાજર રહ્યાં હતાં આ સિવાય મેટ્રો સીટી અનેગાંધીનગર મેટ્રોના મેમ્બર્સ પણ સ્નેહસભર હાજર રહ્યાં હતાં. પ્રેસિડેન્ટ ડો.બીના પટેલ, મુકેશ પટેલ અને તેમની ટીમ તરફથી શ્રી રશ્મિકાન્તભાઈ નું બુકે અને ખેસ ઓઢાડી સન્માન કરાયું તેમજ તેઓને ખાસ ટ્રોફી આપી આભાર માનવામાં આવ્યો.